ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા)
૨૦૦૫માં સુધારા કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: મશબ/૨૦૦૫/૧૨૩૩/છ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૭/૧૦/૨૦૧૭

<u>વંચાણે લીધા:-</u>

(૧) શિક્ષણ વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૬નો સમાનાંકી ઠરાવ.

(૨) ગુ.મા અને ઉ.મા. શિક્ષણ બોર્ડનો તા.૧૪/૦૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક:મઉમશબ/ક/૨૨૫૨

<u>આમુખ</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમો-૨૦૦૫ ના વિનિયમ પૈકી વિનિયમ ક્રમાંક:- ૧૬ (૧), ૧૭, ૨૧ (૨), ૨૧ (૩), ૨૧ (૪), ૨૫ (૬), ૨૬ (૨), ૨૯ (૩) ,૩૧ (૫), ૩૧(૬) ,૩૧ (૮), ૩૧(૯), ૩૨ (૧) (ક), ૪૦(૨), ૪૪ (૨) અને ૪૬ (૨) માં સુધારેલ જોગવાઇને મંજુરી આપવામાં આવેલ છે.

ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલ) માં સેમેસ્ટર પધ્ધતિ રદ થતાં વિનિયમ ૨૯(૩) તથા વિનિયમ ૩૧(૬) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી કરાયેલ દરખાસ્ત અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો ૨૦૦૫ (સુધારેલા) માં વિનિયમ ૨૯(૩) તથા વિનિયમ ૩૧(૬) ની જોગવાઇ માં આ સાથે

Scanned with CamScanner

સામેલ રાખેલ પત્રકના કોલમનં (૨) માં જણાવેલ હાલની જોગવાઇને બદલે કોલમ નં. (૩)માં જણાવેલ સુધારેલ જોગવાઇને આથી સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. બી. કરોડે)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ-

-માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર .
-માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.
-સચિવશ્રી, ગુ.મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.
(સંબંધિતોને પરિપત્રિત કરવા વિનંતી સહ)
-નિયામકશ્રી, શાળાઓની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી, ગ/ગ-૧-શાખા , શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
-નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
-સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner

તા.૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:મશબ/૨૦૦૫/૧૨૩૩/છ સાથેનું બિડાણ- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫(સુધારેલા)માં વિનિયમ-૨૯(૩) તથા વિનિયમ ૩૧(૬).

| વિનિયમ ક્રમાંક (૧) | હાલની જોગવાઇ (૨) | સુધારેલ જોગવાઇ (૩) | સુધારા માટે કારણ (૪) |
|---|---|---|---|
| ૨૯(૩) | માધ્યમિક શાળાંત પરીક્ષા અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં પ્રમાણપત્ર મેળવવા પાત્ર થયેલ ઉમેદવાર ઇચ્છે તો પરિણામની તારીખથી ૯૦ દિવસમાં પોતાનું ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવી જે તે વર્ષ પછીની (તુરંતની) ફક્ત એક મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે; જેમાં વિદ્યાર્થી ઇચ્છે તો જે તે વિષય જુથમાં વિષય બદલી શકશે, પરંતુ તેને કોઇ પણ વિષયમાં મુક્તિ મળશે નહીં તથા આવી પરીક્ષામાં તે પ્રમાણપત્ર મેળવવા પાત્ર ન થાય તો વિનિયમોની જોગવાઇને આધીન ત્યાર પછીની પરીક્ષા (ઓ) આપી શકશે.<br><br>જે વિદ્યાર્થીઓ પોતાનું ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડમાં જમાં કરાવેલ હોય અને જે તે વિષય પછીની તુરતની મુખ્ય પરીક્ષામાં બેસવા માટે આવેદનપત્ર ભરેલ હોય | માધ્યમિક શાળાંત પરીક્ષા અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં પ્રમાણપત્ર મેળવવા, પાત્ર થયેલ ઉમેદવાર ઇચ્છેતો પરિણામની તારીખથી ૯૦ દિવસમાં પોતાનું ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડમાં જમાં કરાવી જે તે વર્ષ પછીની (તુરંતની) ફક્ત એક મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે; જેમાં વિદ્યાર્થી ઇચ્છે તો વિજ્ઞાનપ્રવાહ સિવાય જે તે વિષય જુથમાં વિષય બદલી શકશે, પરંતુ પુનઃપ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે નહીં . તેને કોઇ પણ વિષયમાં મુક્તિ મળશે નહીં તથા આવી પરીક્ષામાં તે પ્રમાણપત્ર મેળવવા પાત્ર ન થાય તો વિનિયમોની જોગવાઇને આધીન ત્યાર પછીની પરીક્ષા (ઓ) આપી શકશે.<br><br>જે વિદ્યાર્થીઓ પોતાનું ગુણપત્રક /પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવેલ હોય અને જે તે વર્ષ પછીની તુરતની મુખ્ય પરીક્ષામાં બેસવા ઇચ્છતો ન | સેમેસ્ટર પધ્ધતિ રદ થવાથી. |

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| | કે ના ભરેલ હોય અને તે વિદ્યાર્થી તે પરીક્ષામાં બેસવા ઇચ્છતો ન હોય તો તે વિદ્યાર્થી તે પરીક્ષાના ત્રણ દિવસ અગાઉ બોર્ડને તેની પરીક્ષામાં ઉપસ્થિત નહીં થવાની ઇચ્છા અંગેની લેખિત જાણ કરી , બોર્ડમાં જમાં કરાવેલ ગુણપત્રક/પ્રમાણપત્ર અધ્યક્ષશ્રીની મંજૂરીથી પરત મેળવી શકશે. અને તે માટે બોર્ડ વખતો વખત ઠરાવે તે મુજબની ફી ભરવાની રહેશે. પરંતુ, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પધ્ધતિમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના કિસ્સામાં આ જોગવાઇ લાગુ પડશે નહીં. | હોય તો તે વિદ્યાર્થી પરીક્ષાના ત્રણ દિવસ અગાઉ બોર્ડને તેની પરીક્ષામાં બેસવા ઇચ્છતો ન હોય તો તે વિદ્યાર્થી પરીક્ષાના ત્રણ દિવસ અગાઉ બોર્ડને તેની પરીક્ષામાં ઉપસ્થિત નહીં થવાની ઇચ્છા અંગેની લેખિત જાણ કરી, બોર્ડમાં જમા કરાવેલ ગુણપત્રક /પ્રમાણપત્ર અધ્યક્ષશ્રીની મંજૂરીથી પરત. મેળવી શકશે. અને તે માટે બોર્ડ વખતો વખત ઠરાવે તે મુજબની ફી ભરવાની રહેશે.<br>ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં વિજ્ઞાનપ્રવાહની સેમેસ્ટર પધ્ધતિ બંધ થતાં સેમેસ્ટર પધ્ધતિમાં સેમેસ્ટર- ૧ થી ૪ ની પરીક્ષાના અંતે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી ઇચ્છે તો ગુણપ્રત્રક/પ્રમાણપ્રત્ર બોર્ડમાં જમાં કરાવી, આગામી માર્ચ-૨૦૧૮ માં બોર્ડ દ્વારા લેવાનાર વિજ્ઞાનપ્રવાહ ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે. જેમાં વિદ્યાર્થી વિષયો બદલી શકશે નહી. | |

Scanned with CamScanner

| વિનિયમ ક્રમાંક ૧ | હાલની જોગવાઇ ૨ | સુધારેલ જોગવાઇ ૩ | સુધારા માટે કારણ ૪ |
|---|---|---|---|
| ૩૧(૬) | ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ બે સેમેસ્ટરમાં તમામ વિષયમાં યોગ્યતા મેળવેલા અને ધોરણ-૧૨ ના ત્રીજા કે ચોથા સેમેસ્ટરમાં અનુત્તીર્ણ થયેલો ઉમેદવાર ઇચ્છે તો ધોરણ-૧૨ ના સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી શકશે. | ધોરણ-૧૧વિજ્ઞાન પ્રવાહમાં પાસ થયા પછી અથવા ધોરણ-૧૨વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપ્યા પછી નાપાસ થયેલ પરીક્ષાર્થી ઇચ્છે તો ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી શકાશે.<br><br>ધોરણ-૧૧માં સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ ની પરીક્ષા આપ્યા બાદ ધોરણ-૧૨ માં સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ માં પ્રવેશ મેળવી અભ્યાસ છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થી ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવવા અંગે રજૂઆત કરે તો તે બાબતે ધોરણ-૧૨ માં પ્રવેશ આપતી વખતે સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ માં મળી થીયરીના વિષયદીઠ ૬૬ ગુણ તથા પ્રેક્ટીકલના વિષય દીઠ ૩૪ ગુણ વિદ્યાર્થીએ મેળવ્યા હોય તો જ તેને પાસ ગણી ધોરણ-૧૨ માં પ્રવેશ આપી શકાશે. | સેમેસ્ટર પધ્ધતિ રદ થવાથી પ્રવેશની કામગીરી અર્થે. |

Scanned with CamScanner